# 32

## મહિસાગર જિલ્લામાં મનરેગા યોજનામાં થયેલ ગેરરીતી

***15/4/1988 : શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહિસાગર જિલ્લાના જિલ્લાવાર મનરેગા યોજનાના કામોમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિ અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં જિલ્લાવાર મનરેગા યોજનાના કામોમાં નીચેની વિગતે ભ્રષ્ટાચાર અને ગેરરીતિ અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, |
| (૨) મળેલ ફરીયાદો અંગે શી તપાસ અને કાર્યવાહી કરવામાં આવી, | (૨) મળેલ ફરીયાદો અંગે **પત્રક – અ** મુજબ તપાસ અને કાર્યવાહી કરવામાં આવી, |
| (૩) ઉક્ત તપાસમાં ઉક્ત જિલ્લામાં કયા સ્થળે ઉક્ત કામોમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને | (૩) ઉક્ત તપાસમાં મહિસાગર જિલ્લામાં આ સાથે સામેલ **પત્રક – બ** માં દર્શાવેલ વિગત મુજબના સ્થળે, ઉક્ત કામોમાં અને પત્રકમાં દર્શાવ્યા પ્રકારની ગેરરીતિ સામે આવી, |
| (૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કયા જવાબદારો સામે શાં પગલાં લીધા? | (૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ મળેલ ૨ ફરિયાદમાં કોઈ ગેરરીતિ જણાયેલ ન હોય જવાબદારો સામે કોઈ પગલાં લેવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી અને ૧ ફરિયાદમાં તપાસની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

| છેલ્લા બે વર્ષમાં મળેલ ફરીયાદની સંખ્યા (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ) |
|---|
| ૩ |

પત્રક – અ

| ક્રમ | ફરિયાદની વિગત | સોપવામાં આવેલ તપાસની વિગત | કરેલ કાર્યવાહીની વિગત |
|---|---|---|---|
| ૧ | વાણિયાવાડા ગોરાડા ગ્રુપ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનાના કામોમાં થયેલ ભ્રષ્ટાચારની તટસ્થ તપાસ બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, લુણાવાડા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, લુણાવાડા અને તેઓની તપાસ ટીમ દ્વારા રેકર્ડ અને સ્થળ આધારિત તપાસ કરતા વાણિયાવાડા ગોરાડા ગ્રુપ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનાના કામોમાં વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૧ સુધી કરવામાં આવેલ કામો ગુણવત્તાયુક્ત થયેલ હતા કોઈ ગેરરીતિ સામે આવેલ નથી. |
| ૨ | મનરેગા યોજના હેઠળ મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકામાં ખેરવા તળાવની પાળ પર પથ્થર પીચીંગમાં ભ્રષ્ટાચાર થવા બાબત | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંતરામપુર અને તેઓની તપાસ ટીમ દ્વારા રેકર્ડ અને સ્થળ આધારિત તપાસ કરતા અંદાજપત્ર અનુસાર કામગીરી થયેલ હતી. સ્થળ ઉપર થયેલ કામ અનુસાર ચુકવણું કરવામાં આવેલ હતું. કામગીરી ગુણવતાની દ્રષ્ટીએ પણ સારી હતી. સદર કામ ગામના શ્રમિકો દ્વારા કરવામાં આવેલ છે અને સદર કામના નાણા શ્રમિકોના બેંક ખાતામાં સીધા જ જમા કરવામાં આવેલ છે. જેથી કોઈ ગેરરીતી થયેલ માલુમ પડેલ નથી. |
| ૩ | ગ્રામ પંચાયત ખલાસપુર તા. લુણાવાડા, જિ. મહીસાગર મનરેગા હેઠળ થયેલ રોડના કામમાં ભ્રષ્ટાચારની તપાસ થવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, લુણાવાડા | તપાસની કામગીરી ચાલુ છે. |

## પત્રક – બ

| ક્રમ | કામનું સ્થળ/કામનો પ્રકાર | તપાસ દરમ્યાન ધ્યાને આવેલ ગેરરીતિની વિગત |
|---|---|---|
| ૧ | તળાવ ઊંડું કરવાનું કામ, રબર પીચીંગનું કામ, માટી મેટલ રસ્તાનું કામ | કોઈ ગેરરીતિ ધ્યાને આવેલ નથી. |
| ૨ | ખેરવા/તળાવની પાળ પર પથ્થર પીચીંગનું કામ | કોઈ ગેરરીતિ ધ્યાને આવેલ નથી. |
| 3 | પગી ફળિયાથી ડેરી તરફ જતા રોડનું માટી મેટલનું કામ | તપાસની કામગીરી ચાલુ છે. |